# પ્રસંગવીશેષ

## ડીસ્ટીંક્શન સાથે પાસ..

બેએક દાયકા પહેલાંની વાત છે. મારી એક વીદ્યાર્થીનીના પીતાજી એ સમયે હાઈ કોર્ટમાં જજ હતા. ક્યારેક અમારી સંસ્થા પાસેથી સાંજે એ નીકળે તો દીકરીને પોતાની સાથે લઈ જાય. મારું ઘર રસ્તામાં એટલે ક્યારેક મને પણ ઘરે ઉતારતા જાય.

એક દીવસ સાંજે એ આવ્યા. આવનારી પરીક્ષાઓ માટે પ્રશ્નપત્રો અમે મીત્રોએ તૈયાર કર્યા હતા. તે મારે ઘરે જઈને ફેર કરવાના હતા. તેનું પરબીડીયું મારા ટેબલ પર પડ્યું હતું. એમણે પુછ્યું, “ આવવું છે અમારી સાથે? તમને ઉતારતાં જઈએ.” મેં સહજ રીતે હા પાડી અને ટેબલ પરનું પરબીડીયું લઈ હું તેમની સાથે કારમાં ગોઠવાયો.

રસ્તામાં દરવખતની જેમ અલકમલકની વાતો ચાલી. એ પોતે પાછા રમુજી એટલે જાતજાતની રમુજો સંભળાવી હસાવતા જાય. મારું ઘર આવ્યું એટલે,“ આવજો, આવજો” કહી હું ઉતરી ગયો. કાર ચાલી ગઈ અને તરત મને ભાન થયું કે પ્રશ્નપત્રોવાળું પરબીડીયું તો કારમાં જ રહી ગયું! પરબીડીયું ખુલ્લું જ હતું ને એમાં વાર્ષીક પરીક્ષા માટે તૈયાર કરેલા બધા પ્રશ્નપત્રો હતા! મને થયું કે ભારે ભુલ થઈ!

મેં ઘરમાં જવાને બદલે સીધા પાડોશીને ત્યાં જ પ્રવેશ કર્યો. “ તમારો ફોન ચાલુ છે ને?” મેં પ્રવેશતાં જ ખાતરી કરી લીધી. ફોન કર્યો તો એમનો ફોન એંગેજ આવતો હતો. મેં ફોન મુકી દીધો અને તરત ઘંટડી રણકી. એટીકેટ ખાતર મેં ફોન ઉપાડ્યો નહીં. પાડોશીની દીકરીએ આવી ફોન લીધો. “ અંકલ, તમારે માટે ફોન છે.” તેણે એમ કહી મને આપ્યો. મેં “હેલો” કર્યું ને સામેથી જજ સાહેબનો અવાજ આવ્યો. “ તમારું એક પરબીડીયું કારમાં રહી ગયું છે. હું કાલે બેબી સાથે

# prasangvishesh

## d'ist'inkshan sa'the pa's..

**be ek da'yka' pahela'ni va't ch'e. ma'ri ek vidya'rthinina' pita'ji e samaye ha'i kort'ma' jaj hata'. kya'rek ama'ri sanstha' pa'sethi sa'nje e nikal'e to dikarine pota'ni sa'the lai ja'y. ma'ru ghar rasta'ma' et'ale kya'rek mane pan' ghare uta'rta' ja'y.**

**ek divas sa'nje e a'vya'. a'vna'ri parixa'o ma't'e prashnapatro ame mitroe taiya'r karya' hata'. te ma're ghare jaine fer karva'na' hata'. tenu parbid'iyu ma'ra' t'ebal par pad'yu hatu. eman'e puch'yu, "a'vvu ch'e ama'ri sa'the? tamane uta'rta' jaie." men sahaj rite ha' pa'd'i ane t'ebal parnu parbid'iyu lai hun temani sa'the ka'rma' goth'ava'yo.**

**rasta'ma' dar vakhatni jem alakmalakni va'to cha'li. e pote pa'ch'a ramuji et'le ja'tja'tni ramujo sambhala'vi hasa'vta' ja'y. ma'ru ghar a'vyu et'le, "a'vjo, a'vjo" kahi hun utari gayo. ka'r cha'li gai ane tarat mane bha'n thayu ke prashnapatroval'u parbid'iyu to ka'rma' j rahi gayu! parabid'iyu khullu j hatu ane ema' va'rshik parixa' ma't'e taiya'r karela' badha' prashnapatro hata'! mane thayu ke bha're bhul thai!**

**men gharma' java'ne badle sidha' pa'd'oshine tya'n j pravesh karyo. "tama'ro fon cha'lu ch'e ne? men praveshta' j kha'tri kari lidhi. fon karyo to emano fon engej a'vato hato. men fon muki didho ane tarat ghant'ad'i ran'aki. et'iket' kha'tar men fon upa'd'yo nahi. pa'd'oshini dikarie a'vi fon lidho. "ankal, tama're ma't'e fon ch'e." ten'e em kahi mane a'pyo. men "helo" karyu ne sa'methi jaj sa'hebno ava'j a'vyo. "tama`ru ek parbid'iyu ka'rma' rahi gayu ch'e. hun ka'le bebi sa'the**

PDF created with pdfFactory trial version www.pdffactory.com

| | |
|---|---|
| તમને મોકલી આપીશ." મેં હાશકારો અનુભવતાં કહ્યું, " બહુ સારું. હું એની ચીંતામાં જ હતો. વાર્ષીક પરીક્ષાના પ્રશ્નપત્રોનું પરબીડીયું છે. તમારા જ હાથમાં આવ્યું એ સારું થયું." મેં સહજ રીતે ઉમેર્યું. | tamane mokali a'pish." men ha'shka'ro anubhavta' kahyu, "bahu sa'ru. hun eni chinta'ma' j hato. va'rshik parixa'na' prashnapatronu parbid'iyu ch'e. tama'ra' j ha'thama' a'vyu e sa'ru thayu." men sahaj rite umeryu. |
| "પ્રશ્નપત્રોનું પરબીડીયું છે? ખુલ્લું છે? પણ તમે ચીંતા ન કરશો. હું જાતે જ કાલે તમને પહોંચાડી દઈશ." મેં તરત સામેથી કહ્યું," ના, એમ ન કરશો. તમે એવું કરો તો એનો અર્થ એમ થાય કે મને મારી વીદ્યાર્થીની ઉપર અને તમને તમારી દીકરી ઉપર ભરોસો નથી. એની સાથે જ મોકલજો." | "prashnapatronu parabid'iyu ch'e? khullu ch'e? pan' tame chinta' na karsho. hun ja'te j ka'le tamane pahoncha'd'i daish." men tarat sa'methi kahyu, "na', em na karsho. tame evu karo to eno arth em tha'y ke mane ma'ri vidya'rthini upar ane tamene tama'ri dikari upar bharoso nathi. eni sa'the j mokaljo." |
| બીજે દીવસે મારી વીદ્યાર્થીનીએ એ ખુલ્લું પરબીડીયું મને આપ્યું ત્યારે મેં એને સહજ રીતે પુછ્યું, " તને ખબર છે એમાં શું છે?" એણે ડોકું હલાવી ના પાડી, એની આંખોમાં પણ " શું છે?" એવો પ્રશ્ન વંચાતો હતો. મેં કહ્યું," એમાં તારી પરીક્ષાના પ્રશ્નપત્રો છે. કુતુહલ ખાતર પણ તને આ પરબીડીયું ખોલવાનું મન ના થયું?" એણે સાવ ભોળાભાવે ના પાડી. | bije divase ma'ri vidya'rthini e e khullu parabid'iyu mane a'pyu tya're men ene sahaj rite puch'yu, "tane khabar ch'e ema' shun ch'e?" en'e d'oku hala'vi na' pa'd'i, eni a'nkhoma' pan' "shun ch'e?" evo prashna vancha'to hato. men kahyu, "ema' ta'ri parixa'na' prashnpatro ch'e. kutuhal kha'tar pan' tane a' parbid'iyu kholva'nu man na' thayu?" en'e sa`v bhol'a' bha've na' pa'd'i. |
| પરીક્ષા આપ્યા પહેલાં જ એ ડીસ્ટીંક્શન સાથે પાસ થઈ હતી. | parixa' a'pya' pahela' ja e d'ist'ikshan sa'the pa's thai hati. |
| **ડૉ. યોગેન્દ્ર વ્યાસ,**<br>૩૪૭-સરસ્વતીનગર,<br>**અમદાવાદ**-૩૮૦ ૦૧૫-ભારત<br>(અમદાવાદની ગુજરાત યુનીવર્સીટીના ભાષાવીજ્ઞાન ભવનમાં વર્ષો સુધી શીક્ષણકાર્ય કરી તેના અધ્યક્ષપદેથી ડૉ.વ્યાસ હાલ જ નીવૃત્ત થયા. આવા જીવંત જીવન-પ્રસંગો વર્ણવતું એમનું એક સુંદર પુસ્તક **'સુવાસની લ્હાણી'** મળ્યું. **'ઉંઝાજોડણી'**ના ચુસ્ત હીમાયતી, તેથી પુસ્તક પણ એક **ઈ-ઉ**માં જ છે. આભાર) | **Dr. Yogendra Vyas,**<br>**347- Sarasvatinagar,**<br>**Amdavad-380 015-INDIA**<br>**(Amda'va'dni Gujra't Yunivarsit'ina' Bha'sha'Vigna'n Bhavanma' varsho sudhi sixan'ka'rya kari tena adhyaxpadethi, Dr Vyas ha'l j nivrutt thaya. a'va' jivant jivan-prasngo varn'avtu emnu ek sundar pustak 'Suva's ni Lhan' mal'yu. 'Unza'Jod'n'i' na' chust hima'yati; tethi pustak pan' ek 'i-u' ma' j ch'e. a'bha'r..)** |
| ૧૮ જુલાઈ ૨૦૦૩ના અમદાવાદના **"દીવ્ય ભાસ્કર"** દૈનીકમાંથી.. **ઉંઝા જોડણી** અને ગુર્જરી-**કલાપી** ફોન્ટમાં પુનર્લેખનઃ<br>**uttamgajjar@hotmail.com** | **18 July 2003na' Amda'va'dna', "Divya Bha'skar " dainikma'thi..**<br>**-eBha'rti-Romanized Gujra'tima' sabha'r punarlekhan : uttamgajjar@hotmail.com** |

PDF created with pdfFactory trial version www.pdffactory.com